©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

VOL. LXVI] TUESDAY, 30th DECEMBER, 2025/PAUSHA 09, 1947 [No. 8967

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

## નડીઆદ શહેરી વિકાસ સત્તામંડળ (NUDA)

## કલેક્ટર કચેરી, નડીઆદ.

### જાહેર નોટીસ

### ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૯૯ તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ નિયમ-૫૦ હેઠળ વિકાસ ચાર્જ

જાવક નં. ટીપી/નુડા/ગેઝેટ/૧૮.–સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરનાં જાહેરનામા ક્રમાંક: GH/V/213 of 2025 UDUHD/MSM/e-file/18/2025/0147/L, તા.૨૩-૦૬-૨૦૨૫ થી નડીઆદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીની રચના કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૨૭ હેઠળ વિકાસ પરવાનગી આપવા માટે ઓથોરીટી દ્વારા અરજદારશ્રી પાસેથી જી.ડી.સી.આર.ના સીડયુલ નં. ૩ ની વિગતે ઠરાવેલ નમુનામાં દસ્તાવેજ/ વિગતો સાથે વિકાસ ચાર્જ અને ચકાસણી ફી વસુલવાની થાય છે. જેથી અધિનિયમની કલમ-૯૯ તથા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૫૦ની જોગવાઈઓ હેઠળ નડીઆદ શહેરી વિકાસ સત્તા મંડળ, નડીઆદ આથી જાહેર નોટીસ આપે છે કે, નડીઆદ શહેરી વિકાસ સત્તા મંડળના વિસ્તારમાં કોઇ પણ વ્યકિત કે ઘટક બાંધકામ કરવા ઇચ્છે તો, વિકાસ પરવાનગી મેળવવા માટે આ અધિસુચનમાં નીચે દર્શાવ્યા મુજબનો વિકાસ ચાર્જ ભરવો જરૂરી છે.

| અ. નં. | વિગત | વિકાસ ચાર્જનો દર પ્રતિ ચો.મી. |
|---|---|---|
| ૧ | રહેણાંક જમીન | ૨૦ |
| | રહેણાંક બાંધકામ | ૩૦ |
| ૨ | વાણિજય જમીન | ૩૦ |
| | વાણિજય બાંધકામ | ૫૦ |
| ૩ | ઈન્ડસ્ટ્રીયલ જમીન | ૩૦ |
| | ઈન્ડસ્ટ્રીયલ બાંધકામ | ૪૦ |

| અ. નં. | વિગત | વિકાસ ચાર્જનો દર પ્રતિ ચો.મી. |
|---|---|---|
| ૪ | ખેતીવાડી જમીન | ૨૦ |
| | ખેતીવાડી બાંધકામ | ૨૫ |
| ૫ | જાહેર હેતુ અને શૈક્ષણિક જમીન | ૧૦ |
| | જાહેર હેતુ અને શૈક્ષણિક બાંધકામ | ૨૦ |
| ૬ | અન્ય જમીનનું ક્ષેત્રફળ | ૩૦ |
| | અન્ય બાંધકામનું ક્ષેત્રફળ | ૪૦ |

જેથી આ અધિસૂચના/જાહેર નોટિસ સરકારી અસાધારણ રાજ્યપત્રમાં સદરહું સૂચિત દરોમાં મુસદ્દાની પ્રસિદ્ધિની તારીખથી ત્રણ માસની અંદર વિકાસ ચાર્જ લેવા માટેની દરખાસ્તના મુસદ્દામાં દર્શાવેલ વિકાસ ચાર્જ સંબંધમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાને વાંધા કે સૂચનો હોય તો, આવા લેખિત વાંધા / સૂચનો અને રજૂઆત મળ્યેથી અને સંબંધીત વ્યક્તિ દ્વારા વિનંતી કરવામાં આવશે તો નડિયાદ શહેરી વિકાસ સત્તા મંડળ, નડિયાદ દ્વારા મળેલ વાંધા અને સૂચનોની વિચારણા કર્યા પછી અને આ સંબંધિત કોઈ અરજી કરવામાં આવી હોય ત્યારે તમામને યોગ્ય લાગે તે પ્રમાણે ગુણવત્તાના ધોરણે વ્યક્તિગત રીતે સાંભળ્યા પછી યોગ્ય લાગે તે પ્રમાણે ગુણવત્તાના ધોરણે કરવા ધારેલા સૂચિત ફેરફારો અંગે રાજ્ય સરકારશ્રીને મંજૂરી માટે વિકાસ ચાર્જ વસૂલ કરવા માટેની દરખાસ્ત સાદર કરવામાં આવશે.

સરકારી અસાધારણ રાજ્ય પત્રમાં પ્રસિદ્ધ થયેલ વિકાસ ચાર્જ લેવા માટેની દરખાસ્તના મુસદા અંગેની જાહેર નોટિસ નડિયાદ શહેરી વિકાસ સત્તા મંડળ નડિયાદ મુકામે ચોંટાડવામાં આવશે. તેમજ કચેરી સમય દરમિયાન કામકાજના દિવસોમાં જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખી સમજાવવાની વ્યવસ્થા કરેલ છે જેનો સર્વે લાગતા વળગતાઓએ નોંધ લેવી.

**તા. ૨૪-૧૨-૨૦૨૫**

**સ્થળ : નડીઆદ**

**સહી/- અવાચ્ય**
સભ્ય સચિવ અને મુખ્ય કાર્યકારી અધિકારીશ્રી
નડીઆદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી
અને નાયબ મ્યુનિસિપલ કમિશનર(વહિવટ),
નડીઆદ મહાનગરપાલિકા

**કચેરીનું સરનામું :**

નડીઆદ શહેરી વિકાસ સત્તા મંડળ (NUDA),
C/O, નડીઆદ મહાનગરપાલિકા કચેરી, સરદાર ઉદ્યાન, નડીઆદ.

---

Government Press & Stationery, Rajkot.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.01.01 12:35:57 IST